# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૭ તા.૦૩-૦૨-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૧ લી ડિસેમ્બર 'સમાજ શિક્ષણ દિન'ના ફાળા બાબત.

સંદર્ભ :- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિના પત્રક્રમાંક-૩૫/સાશિ/ફા/૧૨-૨૦૨૦-૨૧ તા.૩૦-૦૧-૨૦૨૧ અન્વયે.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ''અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ'' દ્વારા સમાજ સેવાની પાયાની પ્રવૃત્તિઓ જેવી કે બાલવાડી, ઘોડિયાઘર, માતૃકલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, એઈડઝ અવેરનેસ, વાંચે ગુજરાત, ગૃહ પુસ્તકાલય ચલાવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહકાર પ્રદાન કરવા માટે દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી સમાજ શિક્ષણ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવામાં આવે છે. તે અંતર્ગત તમારી શાળામાંથી પણ વધુને વધુ ફાળો એકત્ર થાય તેવા પ્રયાસો કરવા. તમારી શાળામાં ફાળો એકત્ર કરી જયારે સમાજ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ફાળો લેવા માટે આવે ત્યારે નાણાં આપી પહોંચ મેળવી શાળા દફતરે રાખવી.

તા.૦૩-૦૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૭-A તા.૦૩-૦૨-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- મેડિકલ વિકલ્પમાં ફેરફારની માહિતી મોકલી આપવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે શાળામાં ફરજ બજાવતા કર્મચારીઓ તથા પેન્શનરોને નાણાંકીય વર્ષની શરૂઆતમાં તબીબી સારવારના નિયમ ૩૨.૫ મુજબ દર વર્ષે મેડિકલ વિકલ્પમાં ફેરફાર કરવાની તક આપવામાં આવે છે. આથી જે કર્મચારીઓ પગારમાં રૂા.૩૦૦/- ઉચ્ચક મેડિકલ એલા. મેળવવા માગે છે કે મેડિકલ રીઈમ્બર્સમેન્ટની યોજનામાં જોડાવા માંગે છે તે અંગેની માહિતી નીચે જણાવેલ મુજબના પત્રકમાં તા.૨૮-૨-૨૦૨૧ સુધીમાં અત્રે મેડિકલ કલાર્કશ્રીને રૂબરૂ હાથોહાથ મળે તે રીતે અચૂક મોકલી આપશો. નિયત તારીખ પછી આવેલ માહિતી રદ ગણાશે, વર્ષની શરૂઆતમાં સ્વીકારેલ વિકલ્પમાં અધવચ્ચેથી કોઈપણ સંજોગોમાં ફેરફાર કરી શકાતો નથી. આ યોજનમાં કેન્સર, એઈડસ, ક્ષય અને કીડની જેવા રોગોમાં સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવી વિકલ્પમાં ફેરફાર કરી આપવામાં આવશે. વિકલ્પમાં ફેરફાર કરવાનો હોય તે જ કર્મચારીઓની માહિતી અત્રે મોકલી આપવી એટલે કે જે શાળામાંથી કોઈપણ કર્મચારીને મેડિકલ વિકલ્પમાં ફેરફાર કરવાનો ન હોય તેમણે માહિતી મોકલવાની જરૂર નથી. જે શાળામાંથી મુખ્ય શિક્ષકશ્રીનો રીપોર્ટ અત્રે નહીં આવે અને કર્મચારીને વિકલ્પમાં ફેરફાર કરવાનો રહી જશે તો તેની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. આ પરિપત્ર શાળાના તમામ કર્મચારીઓને વંચાવી દરેકની સહી લઈ શાળા દફતરે રાખશો.

નમૂનો

શાળાનું નામ...........................

| ક્રમ | એમ્પલોઈ નંબર | કર્મચારીનું પૂરૂં નામ | હોદ્દો | મેડિકલ વિકલ્પમાં ફેરફારની વિગત | કર્મચારીની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

આચાર્યની સહી/ સિકકા

તા.૦૩-૦૨-૨૦૨૧

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૧૭-B તા.૦૩-૦૨-૨૦૨૧**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- જન.પ્રો.ફંડની કપાત બાબત.**

**સંદર્ભ :- ગુજરાત રાજ્ય શિક્ષણ અને મંજૂર વિભાગ સ્કૂલ બોર્ડ, સ્ટાફ માટે જન. પ્રો. ફંડની યોજના નિયમ ૧૨ થી ૧૫ તથા અમ.મ્યુનિ.કોર્પો. નાણાંખાતાના સરક્યુલર નં.૯ તા.૧૫-૭-૨૦૦૪**

આથી તમામ મ્યુનિ. પ્રા.શાળાઓનાં મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે આવે છે કે જનરલ પ્રો.ફંડની ઉપરોકત જણાવેલ વિષય અને સંદર્ભ અન્વયે નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧ **જનરલ પ્રો.ફંડ સ્વેચ્છાએ વધુ કપાત કરવા માંગતા હોય તેવા કર્મચારીઓએ લેખીત મંજૂરી બે કોપીમાં ઉભા કાગળમાં ફેબ્રુઆરી માસમાં મેળવી માર્ચ પેઈડ ઈન એપ્રિલ માસમાં વર્ષમાં એક જ વખત ફેરફાર કરી શકાશે.**

૨ **જનરલ પ્રો.ફંડ** કોઈપણ સંજોગોમાં ચલનથી **રોકડમાં ભરી શકાશે નહીં.**

૩ કર્મચારીઓના પગારમાંથી અન્ય રકમ બાદ કરતા **પગાર ઓછો નીકળતો હોય તેવા સંજોગોમાં જનરલ પ્રો.ફંડની કપાત ફરજીયાત ધોરણે સૌ પ્રથમ કરવી.**

૪ કર્મચારી નિવૃત્ત થતા હોય ત્યારે **નિવૃત્તિની તારીખ** (પુનઃનિયુકતી સિવાય)થી **ત્રણ માસ પહેલા ફરજીયાત ધોરણે જનરલ પ્રો.ફંડન કપાત બંધ કરવી** અને કર્મચારીની લેખીત અરજી હોય તો નિવૃત્તિના ૬ માસ પહેલા જી.પી.ફંડકપાત બંધ કરાવી શકાશે.

નમુના પત્રક

| ક્રમ | ડિપાર્ટમેન્ટ નંબર | એમ્પ્લોઈ નંબર | કર્મચારીનું નામ | શાળા | જી.પી.એફ. નંબર | હાલની કપાત | વધારો | નવી કપાત |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

મુખ્ય શિક્ષકના સહી / સિક્કા

નોંધ : - સી.પી.એફ.ની કપાતમાં વધારો થઈ શકશે નહીં . તેની નિયમ મુજબ કપાત કરવાની રહેશે.

તા.૦૩-૦૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી